# 13. રસ્તો કરી જવાના

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના ! એટલે...

(A) જગતના લોકોનો પ્રેમ પ્રાપ્ત કરવાની વાત છે.

(B) જગતના લોકોનો સાથ છોડી જવાના.

(C) દુનિયાના લોકો દિલ વગરના છે.

(D) દિલને ચારેય છેડેથી માપવાની વાત છે.

2) કવિ કઈ રીતે પોતાનું જીવન પૂર્ણ કરવા ઇચ્છે છે?

(A) એક નાનકડા બિંદુમાં ડૂબીને

(B) વિશાળ સમુદ્રમાં ડુબીને

(C) બીજાની મસ્તીમાં ભળીને

(D) પોતાની જ મસ્તીમાં મસ્ત થઈને

3) કવિ દુ:ખ માત્રની દવા કઈ ગણે છે?

(A) ડૉક્ટર લખી આપે તે

(B) કવિ દવા લેતા જ નથી

(C) કવિનું આત્મબળ

(D) કવિ દુ:ખી જ નથી

4) કવિ મૃત્યુ સામે કોને પડકાર આપે છે?

(A) જીવનને

(B) કાળને

(C) ભગવાનને

(D) ભક્તને

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) અવિરામ દીપકના ઉદાહરણ દ્વારા કવિ શું કહેવા માગે છે ?

- અવિરામ દીપકના ઉદાહરણ દ્વારા કવિ કહેવા માગે છે કે જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવે, ગમે તેવી દુષ્કર પરિસ્થિતિ સર્જાય, તોપણ નાસીપાસ થયા વિના વિચારરૂપી પ્રકાશનાં અજવાળાં ફેલાવીશું, જેથી આવી પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ મળી જ જાય છે.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) 'રસ્તો કરી જવાના' કાવ્યમાં જોવા મળતી કવિની ખુમારી તમારા શબ્દોમાં વર્ણવો.

- 'રસ્તો કરી જવાના' ગઝલનું શીર્ષક જ શૂરાતન ચડાવી દે તેવું ખુમારીભર્યું છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવે અને તેનો ઉકેલ ન મળે તો એનાથી મૂંઝાઈને શા માટે મરી જવું ? એનો કોઈ ને કોઈ ઉકેલ મળી જ જશે, એવો વિશ્વાસ રાખવો. હંમેશાં મસ્તીમાં જીવવાનું. થોડાંઘણાં સત્કર્મો કરીને પણ જીવનરૂપી સમુદ્ર તરી જવાનો. કોણે કહ્યું કે એક પણ સત્કર્મ કર્યા વગર જ આપણે ખાલી હાથે મરી જઈશું? આપણે દુનિયાની તમામ વસ્તુઓ અને લોકોની લાગણીઓ પ્રાપ્ત કરીને જીવનને ભરી દઈશું. કેટલાય દીપક સદૈવ પ્રજ્વલિત રહેતા હોય છે. જીવનની આંધીઓમાં પણ એનો પ્રકાશ પાથરશે અર્થાત્ જીવનની ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ વિચારરૂપી પ્રકાશના અજવાળા ફેલાવીશું. દુ:ખની એકમાત્ર દવા આપણું આત્મબળ છે. જીવનના દરેક જખમને અમીનજરથી રુઝાવી દઈશું. આપણે સ્વયંપ્રકાશ છીએ ! આપણે એવો દીપક નથી કે કોઈ બુઝાવે ને એ બુઝાઈ જાય. હે કાળ, અમને તારો જરા પણ ભય નથી. તારાથી થાય તે તું કરી લે ! ઈશ્વર અમારો ધણી છે. અમે એમ કાંઈ થોડા મરી જવાના છીએ !

### 2) કવિ દિલમાં શું ભરી જવા ઇચ્છે છે ?

- કવિ ખાલી હાથે મરી જવા માગતા નથી. દુનિયાની તમામ વસ્તુઓ અને દુનિયાના લોકોની લાગણીઓ પ્રાપ્ત કરીને કવિ પોતાનું જીવન અર્થાત્ દિલ ભર્યુંભાદર્યું રાખવા ઇચ્છે છે.

## 4. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:

'રસ્તો નહિ જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના !'

- જીવનમાં અમુક વાર મુશ્કેલ પરિસ્થિતિ આવી પડે અને એમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો ન જડે, કોઈ ઉકેલ ન મળે તો એનાથી મૂંઝાઈને મનથી અમે થોડા કંઈ મરી જવાના! એટલે કે અમે કદી નાસીપાસ નહિ થઈએ. અમે કોઈ ને કોઈ રસ્તો જરૂર શોધી કાઢીશું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in